પ્રજાસત્તાક દિનના કાર્યક્રમમાં પ્રથમવાર પોલીસ અશ્વ દળ કરતબ રજુ કરશે

જમ્પીંગ શો તથા ટેન્ક ટેકીંગ સહીતના વિવિધ રોમાચંક અશ્વ શો અડધો કલાક ચાલશે

ગાંધીનગર, તા. ૨૫

જિલ્લામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી સે. ૧૧ રામકથા મેદાનમાં યોજાનાર છે. ત્યારે વિવિધ શાળાઓ દ્વારા દેશભક્તિના ગીતો તથા નૃત્યોના કાર્યક્રમ થનાર છે. તે ઉપરાંત આ વખતે સૌ પ્રથમ વાર પોલીસ અશ્વદળ પણ કાર્યક્રમમાં ભાગ લઈ અશ્વના વિવિધ શૉ રજુ કરશે. અશ્વ દળ દ્વારા યોજાનાર જમ્પીંગ શૉ ઉપરાંત ટેન્ક ટેકીંગ સહિતના શૉ અડધો કલાક સુધી ચાલશે.

આવતીકાલે ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણી સે. ૧૧ રામકથા મેદાનમાં થનાર છે. જેમાં પોલીસ માઉન્ટેડ અશ્વ દળ દ્વારા વિવિધ કરતબો કરવાનો સૌ પ્રથમવાર નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત હાલ પુરજોશમાં રિહર્સલ ચાલી રહ્યું છે. માઉન્ટેડ પી.એસ.આઈ. બી.સી. યાદવનો સુપરવિઝન હેઠળ ઘોડેસવાર પોલીસ ધર્મેન્દ્રસિંહ તેમના આચલ ઘોડાથી જમ્પીંગ શૉ કરશે, જ્યારે હે. કોન્સ્ટેબલ પ્રવિણસિંહ અર્બન ઘોડાથી જમ્પીંગ શૉ કરીને વિવિધ કરતબો રજુ કરશે તે ઉપરાંત પી.એસ.આઈ. બી.સી. યાદવ દ્વારા અવીન્ના ઘોડીથી ટેન્ક ટેકીંગનો શૉ પ્રસ્તુત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ રોમાંચક શૉ અડધો કલાક સુધી ચાલશે.

ગાંધી નિર્વાણ દિને ગાંધી ગીતોનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજ્ય સંગીન નાટક અકાદમી, ગાંધીનગર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન અમદાવાદના સંયુક્ત ઉપકમે તા. ૩૦મી જાન્યુઆરી-૨૦૧૩ને ગાંધી નિર્વાણ દિને તથા શહીદ સ્મૃતિ દિને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત સંપાદિત સ્વાતંત્ર્ય ગાંધી ગીતોનો કાર્યક્રમ ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે સવારે ૯.૪૫ કલાકે યોજાશે. જેમાં સુપ્રસિદ્ધ લોકગાયક અભેસિંહ રાઠોડ તથા મીના પટેલ સ્વાતંત્ર્ય ગાંધી ગીતો - લોકગીતો રજૂ કરશે તથા સવારે ૧૧ કલાકે મૌન પાળીને રાષ્ટ્રપિતા સાથે સર્વ શહીદોને મૌનાંજલિ તથા સ્વરાંજલિ આપશે.

લગ્ન પ્રસંગમાંથી દાગીનાની બેગ ઉઠાવી જનાર ટાબરીયા ઝડપાયા

માતાની મદદથી ૧૨ અને ૧૪ વર્ષની ઉંમરના દિકરા લગ્ન પ્રસંગે શુટ-બુટ પહેરી બેગ સરકાવવા જતા હતા - હોટલ ફોર્ચ્યુનમાં થયેલી દાગીના ચોરીનો ભેદ લગ્નના વિડિયો કુટેજ ચકાસતા ખુલ્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં લગ્ન પ્રસંગે બાજ નજર રાખીને દાગીના ભરેલુ તથા કિંમતી પર્સ ચોરી જવાના તાજેતરમાં ત્રણેક બનાવો બન્યા હતા.જેને પગલે ગાંધીનગર એલ.સી.બી.એ લગ્નપ્રસંગમાં હાજર પ્રાઈવેટ ફોટો-વિડીયો ગ્રાફરોએ લીધેલા ફોટો તથા વિડીયો કુટેજ મંગાવીને બારેકાઈથી ચેક કર્યો હતો. જેમાં બે ટાબરીયા બન્ને પ્રસંગે હાજર દેખાયા હતા. જેથી તેના પર શંકા જતા તપાસ કરતાં સે. ૬ના મેદાનમાં પડાવ નાંખીને રહેતા બન્ને ટાબરીયા તથા તેની માતા મળી આવી હતી. ત્રણેયની પુછપરછ કરતાં સે. ૧૧ના હવેલી ફોર્ચ્યુનના રિશેપ્સન હોલમાંથી દાગીના ભરેલી બેગની થયેલી ઉઠાંતરીનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો છે. સે. ૭ પોલીસે બે ટાબરીયા તથા તેની માતાની ધરપકડ કરી બીજા ગુનામાં સંડોવણી હોવાની શક્યતાને આધારે તપાસ શરૂ કરી છે.

લગ્નપ્રસંગમાંથી કિંમતી દાગીનાની બેગની ઉંતરીના ત્રણ કિસ્સાઓ બન્યા હતા. આ ગુનામાં ટાબરીયા ગેંગ માહીર હોવાથી પોલીસે તે દિશામાં તપાસ આરંભી હતી. આ ટાબરીયા ગેંગને પકડવા લગ્નપ્રસંગે પાડવામાં આવેલા ફોટો તથા વિડીયો મંગાવીને એલસીબી પી.આઈ. એસ.જી. પરમાર તથા ટીમે ઝીણવટભરી તપાસ કરી હતી. જેમાં બે ટાબરીયા શકમંદ નજરે પડ્યા હતા. તે ટાબરીયાઓની હાજરી બે લગ્નપ્રસંગના વિડીયો કુટેજમાં જણાતા તપાસ શરૂ કરી હતી. દરમ્યાન સેક્ટર-૬ના મેદાનમાંથી બન્ને ટાબરીયા મળી આવ્યા હતા. એક ૧૨ વર્ષની અને એક ૧૪ વર્ષની ઉંમર ધરાવતા બન્ને ટાબરીયા ભાઈઓ તેની માતા કલાવતી ભગવતી સિસોદીયાની મદદથી ઉઠાંતરી કરતાં હોવાનું ધ્યાને આવ્યું હતુ. સે. ૬ના મેદાનમાં પડાવ નાંખીને આ મુળ મધ્યપ્રદેશના માદિકરા રહેતા હતા.

પડાવમાં તપાસણી કરતાં શુટ, ટાઈ સહિતના વસ્ત્રો મળી આવ્યા હતા. જેનો ઉપયોગ લગ્નપ્રસંગે જવા માટે ટાબરીયા કરતાં હતા. ઉપરોક્ત મળી આવેલા શુટ પણ ટાબરીયાઓએ જે તે સમયે ઉઠાંતરી કરવાના દિવસે પહેર્યા હોવાનું વિડીયો કુટેજમાંથી જાણવા મળ્યું હતું. સેક્ટર-૭ પોલીસે ૨ ટાબરીયા તથા તેની માતા વિરૂદ્ધ ગુનો નોંધી સઘન પુછપરછ શરૂ કરી છે. અન્ય ગુનાના ભેદ ઉકેલાય તેવી શક્યતા છે. મળી આવેલા આરોપીઓની આજુબાજુમાં પડાવ બાંધીને રહેતા અન્ય સાતેક વ્યક્તિઓને પણ રાઉન્ડઅપ કરીને પુછપરછ શરૂ કરવામાં આવી છે.

ટાબરીયાના પડાવમાંથી શુટ બુટ અને ટાઈ મળી આવી..!!

શહેરના સેક્ટર-૬ના મેદાનમાં પડાવ બાંધીને રહેતા અને મુળ મધ્યપ્રદેશના વતની છે. ટાબરીયા તથા તેની માતાને શોધી કાઢી પોલીસે પડાવની તપાસણી હાથ ધરી હતી. જેમાંથી પોલીસને શુટ-બુટ તથા ટાઈ મળી આવ્યા હતા. આ મળી આવેલો શુટ સેક્ટર-૧૧માં હોટલ હવેલી ફોર્ચ્યુનના રિસેપ્શન હોલમાં થયેલી દાગીનાની બેગની ચોરી વખતે પહેર્યા હોવાનું વિડીયો કુટેજમાંથી જાણવા મળ્યું છે. પોલીસે તે સામાન કબ્જે લઈને તપાસ શરૂ કરી છે.

ગાંધીનગરમાં આજે પૈગમ્બર સાહેબનાં જન્મોત્સવ નિમિતે ભવ્ય જુલૂશ કાઢવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુસ્લિમ બિરોદરોએ ઈદે મિલાદની એક બિજાને શુભેચ્છાઓ પાઠવી હતી.

આજે પ્રજાસત્તાક દિને દ્વારકેશ રેસીડેન્સી દેશભક્તિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના 'ક' રોડ પરની દ્વારકેશ રેસીડેન્સીમાં આજે તા. ૨૬મી જાન્યુઆરી-૨૧ ઉના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે પ્રભાત ફેરી ધ્વજવંદન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે.

પ્રજાસત્તાક દિન નિમિત્તે દ્વારકેશ રેસીડેન્સીના રહીશોદ્વારા સવારે પ્રભાત ફેરી, ધ્વજવંદન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને દેશપ્રેમના શપથ સાથે સોસાયટી તથા આસપાસના વિસ્તારોમાં દેશપ્રેમ ફેરી-માર્ચ પાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સોસાયટીનું સ્નેહમિલન યોજાશે. સ્નેહમિલનમાં સોસાયટીની લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન થશે. એક અનોખી પહેલ તરીકે સહકાર અને સ્નેહનો સંદેશ પ્રસરાવવા સોસાયટીના યુવાનોએ વિનામૂલ્યે તૈયાર કરેલી સોસાયટીની વેબસાઈટ કોમ્યુનિકેશન સિસ્ટમનું લોન્ચીંગ થશે. સાથે સાથે દ્વારકેશ મિલન મંદિર રમત-ગમત પરિસર અને મહિલા મંડળનો વિધિવત્ પ્રારંભ થશે. બાળકો, તરૂણો અને બહેનો માટે લીંબુ ચમચી, સ્લો સાયકલીંગ અને સંગીત ખુરશી રમાશે. આ કાર્યક્રમમાં બાળકો માટે, બાળકો દ્વારા અને બાળકો વડે યોજવામાં આવેલ દેશપ્રેમ ચિત્ર પ્રદર્શની પણ યોજાશે. સોસાયટીના મહિલા મંડળ દ્વારા રાષ્ટ્રની ઉન્નતિ માટે શક્તિની ઉપાસના સમા આનંદના ગરબાથી પૂર્ણ થશે.

ગાંધીનગરના ૫ હોમગાર્ડઝને મુખ્યમંત્રી ચંદ્રક

ગાંધીનગર, તા. ૨૫

પ્રજાસત્તાકદિન-૨૦૧૩ના રોજ માન. મુખ્યમંત્રી તરફથી હોમગાર્ડઝ દળના અધિકારીઓ જવાનોને તેમની પ્રશંસનીય સેવાઓ બદલ મુખ્યમંત્રી ચંદ્રક એનાયત કરવાની જાહેરાત કરેલ છે. ૩૩ અધિકારી, હોમગાર્ડઝના સભ્યોને એનાયત થનાર છે.

જેમાં ગાંધીનગરના પાંચ જવાનોને મુખ્યમંત્રી ચંદ્રક એનાયત થનાર છે. જેમાં ૧) રૂપસંગજી ઠાકોર ઓફિસર ઈન્ચાર્જ અને સીનીયર પેલાટુન કમાન્ડર, ગાંધીનગર ૨) ગણપતભાઈ પિતાંબર પરમાર હોમગાર્ડ ગાંધીનગર ૩) મફાજી ભગાજી રાજપુત પ્લાટુન કમાન્ડર ગાંધીનગર ૪) કમલેશકુમાર મફતલાલ પરમાર ઓફિસર કમાન્ડીંગ અને પ્લાટુન કમાન્ડર ૫) દલપતસિંહ સોનસિંહ ચૌહાણ સેકશન લીડર પા. કલાર્ક ગાંધીનગર.

જૂના સચિવાલયમાં વિકલાંગો માટે ૧૭ લીફટ મુકવામાં આવશે

એસ્ટીમેટ તૈયાર : ૧૭ બ્લોકમાં લીફટ મુકવા અંદાજિત ૪ કરોડનો ખર્ચ

ગાંધીનગર, તા. ૨૫

જૂના સચિવાલયમાં વિકલાંગો માટે લીફટ મુકવાની કામગીરી ટૂંકમાં હાથ ધરાશે. જૂના સચિવાલય સ્થિત ૧૭ બ્લોકમાં અંદાજિત રૂ. ૪ કરોડના ખર્ચે લીફટ મુકવા તંત્રકક્ષાએથી એસ્ટીમેટ પણ તૈયાર કરી દેવાયો છે.

જૂના સચિવાલયમાં સ્થિત વિવિધ ૨૦ બ્લોકમાં અનેકવિધ કચેરીઓ કાર્યરત છે. પેન્શન પ્રોવિડન્ડ તેમજ આરોગ્ય વિભાગ સહિતની કચેરીઓના લીધે સચિવાલય સંકુલમાં મુલાકાતીઓની અવરજવર વિશેષ રહે છે. જેમાં વિકલાંગ વ્યક્તિઓની સંખ્યા પણ નોંધપાત્ર હોવાનું ધ્યાને આવ્યું છે. વિકલાંગ વ્યક્તિઓ પણ અન્ય સામાન્ય વ્યક્તિઓની જેમ સરળતાપૂર્વક વિવિધ કચેરીઓમાં પહોંચી પોતાની રજૂઆત કે કામ નિપજાવી શકે તે માટે સરકારી બિલ્ડીંગોમાં લીફટ મુકવાની પ્રબળ લાગણી અને માગણી પ્રવર્તી છે જ્યારે સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ વિકલાંગ વ્યક્તિઓની સાનુકુળતા માટે લીફટ મુકવાની યોજના અમલી બનાવવાની પણ ફરજ પડી છે. જેને અનુલક્ષી જૂના સચિવાલયના વિવિધ બ્લોકમાં લીફટનું કામ હાથ ધરવા ગતિવિધિઓ આરંભી દેવાઈ છે. પાટનગર યોજના વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર જૂના સચિવાલયમાં સ્થિત ૨૦ બ્લોક પૈકી ત્રણ બ્લોકમાં લીફટની સુવિધા ઉપલબ્ધ છે. જ્યારે આગામી દિવસોમાં ૧૭ જેટલા બ્લોકમાં લીફટની સુવિધા ઉભી કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ એક લીફટ નાંખવાનો ખર્ચ અંદાજિત રૂ. ૨૬ લાખ જેટલો થતો હોય છે. તો મુખ્ય ૧૭ બ્લોકમાં લીફટ મુકવા પાછળ અંદાજિત રૂ. ૪ કરોડનો ખર્ચ થશે. લીફટ મુકવાની યોજના અન્વયે તંત્રકક્ષાએથી એસ્ટીમેટ તૈયાર કરી દેવાયો છે. જ્યારે આગામી દિવસોમાં વિકલાંગો માટે લીફટો મુકવાનુ કામ શરૂ કરી દેવાશે. વિકલાંગો માટેની આ લીફટોમાં એનાઉન્સમેન્ટ સિસ્ટમ ઉપરાંત અંધ વ્યક્તિઓ પણ લીફટ ઓપરેટ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

કરાઈ સાયફનના ઉંડા પાણીમાં ડુબી જવાથી નીલગાયનું મોત

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક કરાઈ સાયફનના ઊંડા પાણીમાં ગઈ કાલે નીલગાય ગરકાવ થઈ ગઈ હતી. કેનાલ સિકયુરીટી ગાર્ડની ડુબી રહેલી નીલ ગાય પર નજર પડતાં તેણે તાત્કાલિક ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટને જાણ કરી બોલાવી લીધા હતાં. ડુબતી નીલ ગાયને બચાવવા ફોરેસ્ટના કર્મીઓ, કેનાલ સિકયુરીટી ગાર્ડ તથા કરાઈમાંથી કમાન્ડોનો કાફલો આવી પહોંચ્યો હતો પરંતુ ત્યાં સુધીમાં નીલગાયનું ડુબી જવાથી મૃત્યુ થઈ જવા પામ્યું હતું. આજે સવારે ફોરેસ્ટના કર્મીઓએ મૃત નિલગાય બહાર કાઢીને યોગ્ય નિકાલ કર્યો હતો.

ગઈ કાલે કેનાલ સિકયુરીટી ગાર્ડ કરાઈ સાયફન પેટ્રોલીંગમાં નિકળ્યો હતો ત્યારે તેણે સાઈફનના પાણીમાં વચ્ચોવચ એક ડુબી રહેલી અબોલ પશુ નિલગાયને જોઈ હતી. કેનાલના પાણીની દલદલમાંથી બહાર નિકળવા તે તરફડીયા મારી રહી હતી પરંતુ બહાર નિકળવાનો જેટલો પ્રયાસ કરે તેટલું અંદર તણાઈ જઈ હતી. આ જોઈને નીલગાયને બચાવી લેવા સિકયુરીટી ગાર્ડે વનવિભાગના કર્મીઓને જાણ કરી બોલાવી લીધા હતા. ડુબી રહેલી નિલગાયને બચાવવા વનવિભાગના કર્મીઓ તથા કરાઈમાંથી કમાન્ડોનો કાફલો પણ આવી પહોંચ્યો હતો. નિલગાયને બહાર કાઢવા પ્રયત્નો કરવામાં આવ્યા પરંતુ પાણીમાં તરફડીયા મારતા મારતા નીલગાયે દમ તોડી દીધો હતો. આજે મૃત પશુને બહાર કાઢી વન વિભાગના કર્મીઓ દ્વારા વિધિસર નિકાલ કરવામાં આવ્યો હતો.

આદર્શ નિવાસી અ.જા. કુમાર શાળાના જૂડો ખેલાડી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પસંદગી પામ્યા

સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા આયોજીત ખેલ મહાકુંભ-૧૩ અંતર્ગત તાજેતરમાં જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સે-૧૧, ગાંધીનગર ખાતે જિલ્લા કક્ષાની જૂડો સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં આદર્શ નિવાસી અ.જા.કુમાર શાળાના ૩ વિદ્યાર્થીઓએ જૂડો પ્રથમ ક્રમ મેળવી રાજ્યકક્ષાની જૂડો સ્પર્ધામાં પસંદગી મેળવી છે. અ.જા. કુમાર શાળાના ગીરીશ વાઢેળે ૫૦કિ.ગ્રાની કેટેગરીમાં, વિજય સિંઘવે ૩૫ કિ.ગ્રા.ની કેટેગરીમાં, સોલંકી વિનોદે ૫૦ કિ.ગ્રા. કેટેગરીમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. વિજેતા ખેલાડીઓ મહેસાણા ખાતે યોજાનાર રાજ્યકક્ષાની જૂડો સ્પર્ધામાં પસંદગી પામ્યા છે. શાળાના આચાર્યા એમ.જે. કટારાના માર્ગદર્શન હેઠળ મ.શિ. એસ. કે. પરમાર, જી. એમ. માળી દ્વારા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેકટર-૨૯માં જયભોલે યુવક મંડળ દ્વારા ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ

ગાંધીગનર, તા. ૨૫

શિશિર ઋતુની શરૂઆત થતાંજ શહેરની અનેક સંસ્થાઓ દ્વારા વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવતી હોય છે. આજ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિ સેકટર-૨૯ ચીપ ટાઈપ શોંપિંગ સેન્ટરના વેપારી મંડળ તથા સેકટરના યુવામિત્રો દ્વારા જયભોલે યુવક મંડળની રચના કરવામાં આવી છે. મંડળ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી શ્વાન માટેના લાડુ બનાવવામાં આવે છે. મંડળે આ સાથે બીજી અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ પણ શરૂ કરીને ગાંધીનગરમાં આગવું સ્થાન મેળવ્યું છે.

આ મંડળની મુલાકાત દરમ્યાન જયભોલે યુવક મંડળના પ્રમુખ ગુણવંતભાઈ દાનાણીએ જણાવ્યું હતું કે, આ યુવક મંડળની શરૂઆત પાંચ વર્ષ પૂર્વે કરવામાં આવી હતી અને આ મંડળની અંદર ચીપ ટાઈપ શોપીંગના તમામ વેપારીઓનો સાથ અને સહકાર મળે છે. આ ઉપરાંત આ મંડળ દ્વારા બીજી પણ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમ કે શાળાઓ શરૂ થવાના દિવસોમાં ગરીબ અને અનાથ બાળકોને નોટબૂક,કંપાસ, સ્કુલ બેગ વિગેરનું પણ વિતરણ કોઈપણ પ્રચાર પ્રસાર કર્યા વિના કરવામાં આવે છે.

પોતાના કુટુંબીજનોથી દૂર રહેતા તથા કુટુંબ દ્વારા તરછોડાયેલા અને વૃદ્ધાશ્રમોમાં જીવન વ્યતિત કરતાં એવા વૃદ્ધોને ગરમા-ગરમ નાસ્તો બનાવીને તેમની સાથે દિવસ પણ વિતાવે છે.

આ ઉપરાંત બેહરા-મૂંગા બાળકોની શાળામાં ગાદલા, રજાઈ, બાળકોના કપડા અને બૂટ ચંપલનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

જયભોલે યુવક મંડળની આ સેવાકીય પ્રવૃત્તિમાં વેપારી ઉપરાંત ભાઈઓ-બહેનો અને નવયુવાનો પણ ઉત્સાહ પૂર્વક પોતાનો ફાળો આપે

છે. આ મંડળ દ્વારા આર્થિક સહાય માટે ક્યારેય કોઈ હાથ લંબાવવામાં આવતો નથી પરંતુ તેને દાતાઓ દ્વારા અવિરત દાનનો પ્રવાહ વહે છે. આ વિસ્તારના જે વ્યક્તિઓ પોતે સમય આપવા અશક્તિમાન હોય તેઓ આર્થિક સહયોગ પૂરો પાડીને ધન્યતા અનુભવે છે.

જયભોલે યુવક મંડળમાં વિનોદભાઈ દરજી, ચંદનસિંહ ગોહિલ, રાજુભાઈ પ્રજાપતિ, મનુભાઈ સોની, જગદીશભાઈ સુથાર , તિર્થેશ ઉપાધ્યાય, ભૌમિક બહ્મક્ષત્રિય, ગોવિંદભાઈ પરમાર, ઉત્પલભાઈ પાઠક, પ્રેમીલાબેન પ્રજાપતિ, સોનલબેન દરજી, વગેરે કોઈપણ સમયે સેવા આપવા ખડેપગે ઉભા રહે છે.

અહેવાલ, તસવીર- દિલીપ પ્રજાપતિ

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬
સૂર્યાસ્ત : ૬.૨૫

તાપમાન

મહત્તમ : ૨૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૩૩ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
રેસ-૨: ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦
ઈન્કાર : ૬.૪૫
: સ્ક્રીન-૩ :
રેસ -૨ : ૧૦.૦૦, ૯.૩૦
આકાશ વાની : ૧૨.૪૫, ૬.૦૦
મેં ક્રિશ્ના હું : ૩.૩૦
: સ્ક્રીન-૪ :
મેં ક્રિશ્ના હું : ૩.૦૦
આકાશ વાની : ૧૨.૩૦
રેસ-૨ : ૬.૧૫, ૯.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
આકાશ વાની : ૧૦.૩૦, ૬.૩૦
ઈન્કાર : ૧.૩૦
રેસ-૨ : ૯.૩૦
: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
રેસ-૨ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
રેસ-૨ :૮.૦૦, ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

સૂર્યા, વાવોલ

રેસ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઘાયલ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રેસ-૨ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રેસ-૨ :૧૧.૧૫, ૨.૧૫
મેં ક્રિશ્ના હું : ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
મેં ક્રિશ્ના હું : ૧૦.૩૦
આકાશ વાની : ૧.૦૦, ૯.૪૫
રેસ-૨ : ૩.૩૦, ૬.૩૦

ચિરાગ, કલોલ

રેસ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજ ગાંધીનગર દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન સવારે ૧૧.૦૦ કલાકે.

ટાઉન હોલ

- મનસુરી સમાજ ગાંધીનગર દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમ બપોરે ૨.૦૦ કલાકે.
- શિવરંજની ગાંધીનગર દ્વારા ભક્તિ ગીત કાર્યક્રમ રાત્રે ૯.૩૦ કલાકે.

સામાજિક - શૈક્ષણિક

- સેકટર-૬/બીમાં આવેલી સરસ્વતી વિદ્યાલય દ્વારા સવારે ૮.૦૦ કલાકે, ધ્વજવંદન કાર્યક્રમ તથા જનજાગૃતિ રેલી.
- ગાંધીનગર પેન્શર્ન્સ સમાજ દ્વારા ભારતીય સ્ટેટ બેંક ગાંધીનગરના સહયોગથી પેન્શર્ન્સ ડે ની ઉજવણી અંતર્ગત અમૃ મહોત્સવ સન્માન સમારંભ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી શિક્ષણ સંકુલમાં આવેલ ખીમજી વિસરામ એન્ડ સન્સ હોલ ખાતે યોજાશે.

આપની આજ

મેષ : આર્થિક સમસ્યાનો ઉકેલ -કાર્ય સિધ્ધિ અને મનોકામના પૂર્ણ થતી જણાય. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

વૃષભ : કૌટુંબીજ પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે છે. કોર્ટ- કચેરીમાં અટવાયેલા પ્રશ્નો નિરાકરણ આવી શકે છે. વેપાર ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે.

મિથુન : આરોગ્યની સુખાકારી તથા સમૃધ્ધિ પ્રાપ્ત કરવાની તક મળી શકે છે. વાહન ચલાવતા સાચવવું. માનસિક ચિંતાહળવી બનતી જણાય. સમય સાનુકૂળ

કર્ક : નોકરી -વેપાર અર્થે થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. સામાજિક પ્રશ્નોના બંધનોથી મુકતતા મળે. રોકાયેલા નાણાં પરત મળી શકે છે.

સિંહ : વારસાગત મિલકતના પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. વડીલો તથા ઉપલા વર્ગના અધિકારીઓ દ્વારા મળેલ માર્ગદર્શન લાભદાયી બની શકે છે. સમય શુભ.

કન્યા : આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વાહન ચલાવવામાં કાળજી રાખવી.

તુલા : ભાગ્યોદયનો સાથ મળી શકે છે. નોકરીયાત વર્ગને પદ - પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે.

વૃશ્ચિક : રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. શેર- સટ્ટામાં કાળજી રાખવી. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

ધન : માનસિક ચિંતામાં ઘટાડો થઈ શકે છે. સંતાન સંબંધિત પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી.

મકર : ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. લગ્નત્સુકોને યોગ્ય જીવનસાથીની પસંદગી થઈ શકે છે. શેર- સટ્ટામાં સાચવવું .

કુંભ : આકસ્મિક ધન લાભ થઈ શકે છે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે. કૌટુંબિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું.

મીન : આરોગ્યની કાળજી રાખવી. વડીલો તથા ઉપરી વર્ગના અધિકારીઓ દ્વારા મળેલ માર્ગદર્શન લાભદાયી નીવડી શકે છે. સમય સાનુકૂળ